આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

પ્રેમ એટલે તમારા આનંદમાં બધાને સહભાગી કરવાની દૃઢ ઇચ્છા, આનંદિત હોવું, આનંદિત કરવું એ જ જીવન છંદ-લય-તાલ છે
- ઇશોપનિષદ

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૯૮ | ૧૮ જૂન, ૨૦૧૪, બુધવાર; જેઠ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

### ઉંધા ચાલીને નોંધાવ્યો ગિનેસ વર્લ્ડ રેકોર્ડ

ઈન્દોરની પ્રેસ્ટિજ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ



એન્ડ રિસર્ચે ઉંધા ચાલવાનો કાર્યક્રમ રાખ્યો હતો. જેમાં ૧૧૦૭ લોકો જોડાયા હતા. ગિનેસ વર્લ્ડ રેકોર્ડસ દ્વારા તેની નોંધ લેવામાં આવી હતી અને સર્ટીફીકેટ પણ આપવામાં આવ્યું છે. ઈન્દોરના વિજયનગર વિસ્તારમાં ૧૧૦૭ જેટલા લોકો પાછળ જોયા વગર એકાદ કિલોમીટર જેટલું ઉંધું ચાલ્યા હતા.

### ભગવત ગીતાનું ઉર્દુમાં અનુવાદ

અનવર જલાલપુરી નામના જાણીતા ઉર્દુ શાયર અને લેખકે શ્રીમદ્ ભગવત ગીતાના ૭૦૦ શ્લોકોનો ૧૭૦૦ ઉર્દુ શેરમાં અનુવાદ કર્યો છે. અનવર જલાલપુરીના જણાવ્યા અનુસાર દુન્યવી શિક્ષણ આપવામાં આ પવિત્ર ગ્રંથનો જોટો જડવો મુશ્કેલ છે. આ પુસ્તકનું નામ છે ‘ઉર્દુ શાયરી મે ગીતા’ અને તાજેતરમાં તેનું લોકાર્પણ થયું છે.

### અમિતાભનો ફિક્શન શો ‘યુધ્ધ’ ટીવી પર

થોડાક સમય પહેલા કલર્સ



ટીવી પર આવેલી અનીલ કપુરની સિરિયલ ‘૨૪’ દર્શકોમાં ખુબ લોકપ્રિય બની હતી. સાસુ-બહુ સિરિયલથી હટકે આ પ્રકારની સિરિયલ ખુબ લોકપ્રિય બનતા ટુંક સમયમાં અમિતાભ બચ્ચનનો આવો જ એક ફિકશન શૉ ટીવી પર આવશે. જેના પ્રોમો ખુબ અસરકારક બની રહ્યા છે. યુધ્ધના નિર્દેશક અનુરાગ કશ્યપ અને સુજીત સરકાર છે.

# પંચાયતની સામાન્ય સભામાં વિપક્ષનો સભાત્યાગ

## બિનખેતીના કેસોની વિગતો ન રજુ થતાં વિપક્ષ ભાજપે સભાત્યાગ કર્યો : કોંગીની કથની કરનીમાં તફાવત : ભાજપ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં છેલ્લા પાંચ વર્ષમાં પહેલીવાર વિપક્ષે સભાત્યાગ કરી એક અનોખો ઈતિહાસ બનાવ્યો છે. સભાત્યાગ કરતાં પહેલાં વિપક્ષ પટેલના અધ્યક્ષપદે આજે મળેલી જિલ્લા પંચાયતની બેઠકનો આરંભ પણ તોફાની રહ્યો હતો. એક તબક્કે સત્તાધારી પક્ષે વિપક્ષના સભ્યોને સસ્પેન્ડ કરી દેવા જોઈએ તેવી રજુઆત કરી હતી.







ભાજપે આજે સત્તાધારી પક્ષ કોંગ્રેસને બરાબર ભીંસમાં લેવાના પ્રયાસરૂપે ભારે અને ગંભીર આક્ષેપો કર્યા હતા.

શ્રીમતિ હીરાબેન હરેશભાઈ

સત્તાધારી પક્ષના સભ્યોના જોશને જોઈ રંગમાં આવેલા પંચાયતના પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલે પણ વિપક્ષના સભ્યોને એક તબક્કે સંભળાવી દીધું હતું કે તમને વિકાસમાં રસ નથી એટલે પાણીમાંથી પોરા કાઢો છો બંધ કરો આવી વાતો અને સકારાત્મક અભિગમ અપનાવો.

વિપક્ષના નેતા શકુંતલાબેન પટેલે જણાવ્યું હતું કે બહુમતિના જોરે તમે અમને અટકાવી શકશો નહિ.

આ તબક્કે કોંગ્રેસના અજીતસિંહ રાઠોડે પણ ઉભા થઈને જણાવ્યું કે પ્રમુખ તેમના સ્થાને ઉભા હોય ત્યારે સભ્યો ઉભા રહે તે અવમાન છે આ સાંખી શકાય નહિ.

ભાજપના સભ્યોએ ચાર મહિને સામાન્ય સભા બોલાવી અને તે પણ ખાસ સામાન્ય સભા એવા શું કારણો હતા? ખાસ સામાન્ય સભામાં પ્રશ્નો રજુ નહિ કરવા દેવાના કારણો શું? તંત્ર તરફથી ખુલાસો રજુ થયો હતો કે ૨૮-૫-૨૦૧૩ના રોજ આચારસંહિતા પૂર્ણ થઈ છે અને ગુજરાતની વડી અદાલતના આદેશને ધ્યાને રાખી આ સામાન્ય સભા ખાસ છે. પ્રશ્નો માટે જે સમય રહેવો જોઈએ તે ન હોવાથી પ્રશ્નો દાખલ થતા નથી અને પ્રશ્નોત્તરી ખાસ સામાન્ય સભામાં હોતી પણ નથી તેવી પરંપરા છે.

આ પછી મામલો શાંત પડી ગયો હતો. જો કે ત્યારબાદ બિન

● અનુસંધાન પાન-૭ પર

### ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેનની ગેરહાજરી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં ઉપપ્રમુખ શ્રી અજીતસિંહ વાઘેલા તથા કારોબારી સમિતિના ચેરમેનશ્રી રામાજી ઠાકોરની ગેરહાજરી સૌની ચર્ચાનો મુદ્દો બન્યા હતા.

વિપક્ષના સભ્યોએ આ મુદ્દે ટોણો માર્યો હતો કે તમારામાં એકતા નથી એટલે ખાસ સામાન્ય સભામાં મહત્વના બે પદાધિકારીઓ ગેરહાજર છે!!

આજે સામાન્ય સભામાં શિક્ષણ સમિતિમાં ખાલી પડેલી એક જગ્યા પર શારદાબેન મકવાણાની તથા ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિમાં અરવિંદસિંહ સોલંકી અને સદેસિંહ ઝાલાની નિયુકિત કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

# રિનોવેશનના કામો મંજૂર

## સ્વચ્છતા માટે આઉટ સોર્સિંગ નામંજૂર

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભાએ ઉપપ્રમુખની કચેરીના રિનોવેશન માટેની દરખાસ્ત સર્વાનુમતે મંજૂર કરી મહિલા અધિકારીઓ માટે અલાયદા શૌચાલયની વ્યવસ્થા પણ તાકીદે કરવા સૂચવ્યું હતું. જો કે સફાઈની કામગીરી આઉટ સોર્સિંગથી કરાવવાની દરખાસ્ત સર્વાનુમતે ફગાવાઈ હતી.

જિલ્લા પંચાયતના સરદાર પટેલ સભાખંડમાં શ્રીમતિ હીનાબેન પટેલના અધ્યક્ષપદે મળેલ આજની સામાન્ય સભામાં જિલ્લા પંચાયતના ઉપપ્રમુખશ્રીની કચેરીના રિનોવેશનની દરખાસ્ત રજુ થઈ હતી. આ વેળાએ વિપક્ષી નેતા શકુંતલાબેન પટેલે પંચાયતમાં મહિલા અધિકારીઓ અને પદાધિકારીઓ માટેના અલગ શૌચાલયનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે જે શૌચાલયો છે તેની સફાઈ થતી નથી. આ શૌચાલયો પણ રિનોવેશન માંગે છે. તેમની આ રજુઆતને ગૃહે સર્વાનુમતે સ્વીકારી અને આ કામગીરી શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવા તાકીદ કરી હતી.

આજની આ સભામાં પંચાયતની આંતરિક સફાઈની કામગીરી આઉટ સોર્સિંગથી કરાવવાની દરખાસ્ત સર્વાનુમતે ફગાવી દેવામાં આવી હતી.

કોંગીના શ્રી અજીતસિંહ રાઠોડે વર્તમાન વ્યવસ્થા પુરતી હોવાનું

● અનુસંધાન પાન-૭ પર

# સાચી વ્યક્તિને સાચો ન્યાય એ સરકારનો મંત્ર છે : આનંદીબેન



## ગાંધીનગર ખાતે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓની સંયુક્ત બેઠકમાં મુખ્યમંત્રીશ્રી આનંદાબેનના પ્રેરક સૂચનો

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રાજ્યના પોલીસતંત્રને સાચી વ્યકિતને સાચો ન્યાય મળે એ દિશામાં પોતાનો કર્તવ્ય ધર્મ નિભાવવા આહ્વાન કર્યું છે.

મુખ્યમંત્રીશ્રી ગાંધીનગરમાં યોજાયેલી વરિષ્ઠ પોલીસ અધિકારી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ અને જિલ્લા મેજિસ્ટ્રેટ-કલેકટરોની સંયુકત સમીક્ષા બેઠકમાં અધ્યક્ષીય સંબોધન કરી રહયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે ગૂનાની તપાસ કે

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં વધુ બે એન્જિનીયરીંગ કૉલેજ આરંભાશે

## સ્વામીનારાયણ ગુરુકુળ સંસ્થાને એ.આઈ.સી.ટી.ઇ. ન્યુ દિલ્હીએ મંજૂરી આપી : ભાટ સરદાર પટેલ રીંગ રોડ પાસે સ્વામીનારાયણ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીને ડીગ્રી એન્જિનીયરીંગની ૩૦૦ બેઠકો મળશે : સેક્ટર-૨૨માં પણ ડીપ્લોમાં એન્જિનીયરીંગ થઇ શકશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં અનેકવિધ શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત હોવાથી શહેર એજયુકેશન હબ તરીકે ઉભરી આવ્યું છે. હવે મેડીકલ કોલેજ શરુ થયા બાદ નવી એન્જીનીયરીંગ કોલેજોને પણ મંજૂરી અપાતા ગાંધીનગરને નોલેજ કોરીડોર બનાવવાનું સ્વપ્ન સાકાર થવા તરફ છે. શહેરમાં હાલ ત્રણ એન્જીનીયરીંગ કોલેજો કાર્યરત છે. જયારે હવે વધુ બે એન્જીનીયરીંગ કોલેજ શરુ થશે. એ.આઈ.સી.ટી.ઈ ન્યુ દિલ્હી દ્વારા સે-૨૩ સ્વામીનારાયણ ગુરુકુળ સંસ્થાને ડીગ્રી એન્જીનીયરીંગ કોલેજ શરુ કરવા મંજૂરી આપી દેવાઈ છે. જેમાં વિદ્યાર્થીઓને એ.સી.પી.સી દ્વારા પ્રવેશ મેળવવાનો રહેશે. સે-૨૨ માં પણ ડીપ્લોમાં એન્જીનીયરીંગ અંતર્ગત પ્રવેશ મેળવી શકશે.

બે નવી એન્જીનીયરીંગ કોલેજ શરુ કરવા માટે સે-૨૩ સ્વામીનારાયણ ગુરુકુળ સંસ્થા દ્વારા એ.આઈ.સી.ટી.ઈ ને અરજી કરવામાં આવી હતી. આખરે ન્યુ દિલ્હી કક્ષાએથી સંસ્થાને ડીગ્રી અને

● અનુસંધાન પાન-૭ પર


Dy.SP / DC / મામલતદાર / SO / TDO / DR : GPSC દ્વારા ગુજરાત સરકારમાં ભરતી પરીક્ષા તા. 12.10.2014
GPSC 351 જગ્યાઓ
100% પરીક્ષાલક્ષી - પરિણામલક્ષી શિક્ષણ!
★ 180* કલાક નું ટીચીંગ
★ દરેક ટોપીક્સ અંતે ટેસ્ટ
★ ૨૫ માસ્ટર ટેસ્ટ
90% થી વધુ પરીક્ષામાં પુછાવવાની ગેરંટી પૂર્વકનું શિક્ષણ
20 વર્ષ થી સતત સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...!
General Study : MUKESH PATEL
GPSC (વર્ગ 1/2) : વર્ષ 2006-07, 2000માં TCCIનું સરેરાશ પરીણામ (P/M/I) 98.37%
પ્રિલિમ પરીક્ષાના સમય સુધીનો અભ્યાસક્રમ (Max.6 months)
Ph.D. કક્ષાના 20 વર્ષના અનુભવી પ્રાધ્યાપકો દ્વારા શિક્ષણ !
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
બેચની સગવડ
GPSC CSAT/GS
નવી બેચ શરૂ થવાની તારીખ
સોમ થી શુક્ર 20/6, 27/6, 2/7 10/7
શનિ / રવિ 21/6, 28/6, 3/7, 10/7
ફી માત્ર ₹ 24,000/- (F) ₹ 28,000/- (M)
તલાટી/કલાર્ક/એકાઉન્ટન્ટ/કોન્સ્ટેબલ/વન સહાયક : વર્ગ-3, 15000 થી વધુની ગુજરાત સરકારમાં વર્ષ 2014 માં ભરતી
માસ્ટર કોર્ષ-2014 (વર્ગ 3 માટે ખાસ બેચ)
ગુજરાતી / અંગ્રેજી / ગણિત / GS / બુદ્ધિ ચાતુર્ય / કોમ્પ્યુટર
ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)
નવી બેચ શરૂ થવાની તારીખ 20/6, 27/6, 16/7
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606
મહેસાણા 9537614607
હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ
22-6-14 થી નવી ફી લાગુ



## પ્રાર્થનાંજલિ



મેજર વિનોદ જોષી

न जायते म्रियते वा कदाचि -
न्नायं भूत्वा भविता वा न भूय: ।
अजो नित्य: शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥
२-२० भागवत गीता

આ આત્મા કદી જન્મતો નથી કે, મરતો નથી.
ન તો એ ઉત્પન્ન થઈ ફરી પેદા થવા વાળો છે.
તે તો અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે.
શરીર હણવાથી તે હણાતો નથી.
૨-૨૦ ભાગવત ગીતા

આજે
આપની ત્રીજી પુણ્યતિથિએ...
આપના પુણ્ય આત્માને શત્ શત્ પ્રણામ

લિ.
પ્રજ્ઞાબેન વિનોદચંદ્ર જોષી
ઈશાની નિશીતકુમાર વ્યાસ
પ્રિતેશ વિનોદચંદ્ર જોષી
વિરલ વિનોદચંદ્ર જોષી
તથા સમસ્ત પરિવાર